કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અમદાવાદ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુભાષબ્રિજ સર્કલ પાસે, અમદાવાદ - ૩૮૦૦૨૭
ફોન નંબર : ૦૭૯-૨૭૫૬૧૯૭૦ ઇ-મેઇલ : collector-ahd@gujarat.gov.in

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ

હુકમ નં. 583/07/17/059/2020
તા. 04/03/2020

<u>વંચાણે લીધા :-</u>

(૧) અરજદારશ્રી શૈલેષભાઈ મંગળદાસ પટેલ
રહે. ૧૧,શાન બંગલોઝ, સરદાર પટેલ રીંગ રોડ પાસે, શીલજ, અમદાવાદ.-380058 ની તા.30/01/2020 ની ઓનલાઇન અરજી (નં.30717202011592) તથા સોગંદનામુ
(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ - ૪૮, ૬૫, ૬૬ તથા ૬૭
(3) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨
(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮
(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮
(૬) સરકારશ્રીનો મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ/ટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧/હ.૧ તા.૩૧/03/૨૦૧૧
(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૦૯/૦૧/૨૦૧૯
(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૧૨/૦૨/૨૦૧૯
(૯) મામલતદાર અને કૃષિપંચ શ્રી (ALT) નો તા.13/02/2020 નો અભિપ્રાય
(૧૦) iRCMS પોર્ટલ પરની કેસ વિગત

વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી શૈલેષભાઈ મંગળદાસ પટેલ એ મોજે ભાડજ તા. ઘાટલોડીયા જિ. અમદાવાદ ના સરવે/બ્લોક નં. 393/બ ના ક્ષેત્રફળ 3,642.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 1,821.00 ચો.મી ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

૨. સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

સરવે/બ્લોક નંબર ટી.પી. નંબર એફ.પી. નંબર	માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.)	કબજેદારોના નામ (ખાતા નં. 1118)	જમીનનો સત્તાપ્રકાર (૭/૧૨ મુજબ)
સરવે/બ્લોક નં. : 393/બ જુનો સરવે/બ્લોક નં. : --- ટી.પી. નં. : ૩૦૧ એફ.પી. નં.: ૬૯ ની એફ.પી.મુજબની ૩૬૪૨ ચો.મી.પૈકી ૧૮૨૧ ચો.મી.	1,821.00	શૈલેષભાઇ મંગળદાસ પટેલ ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની પૈકી ૧૮૨૧ ચો.મી.	જુની શરત (જુ.શ)

3. વસૂલ કરવામાં આવેલ કરવેરાની વિગત નીચે મુજબ છે.
બેંકમાં ચલન ભર્યા તા.04/03/2020 નં.57000013551003502032018803

કરની વિગત	સદર	માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.)	દર રૂ. પ્રતિ ચો.મી.	કુલ રકમ રૂ.
રૂપાંતર કર	569-0035-00-800-01	1,821.00	40.00	72,840.00
વિશેષ ધારો	570-0035-00-101-01	1,821.00	0.60	1,093.00
લોકલ ફંડ	574-0029-00-103-01	1,821.00	0.30	546.00
શિક્ષણ ઉપકર	575-0045-00-108-01	1,821.00	0.15	273.00
માપણી ફી	577-0029-00-106-01	1,821.00	---	1,800.00
			કુલ રૂ.	76,552.00

૪. ઉપર્યુકત તમામ હકીકતો ધ્યાને લઇ મોજે ભાડજ તા. ઘાટલોડીયા જિ. અમદાવાદ ના સરવે/બ્લોક નં. ૩૯૩/બ ના ક્ષેત્ર 3,642.00 ચો.મી. પૈકી ક્ષેત્રફળ 1,821.00 ચો.મી ની જમીનને નીચે જણાવેલ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ) માટે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી / કરાવી આ હુકમ આધારે તેમજ મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન / પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.60 પ્રમાણે રૂ. 1,093.00 તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા. ૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા / કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧/૧૭૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા / શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવાના રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ / પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૨/૦૨/૨૦૧૯ ના પરિપત્ર નં.બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક મુજબની નીચેની શરતોનુ પાલન કરવાનું રહેશે.

1. જો અગાઉ ચોકકસ હેતુ માટે પ્રિમિયમ ભરપાઇ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય/ નકશા મંજૂર કરવાના થતા હોય તો વિકાસ પરવાનગી આપતાં પહેલા પ્રિમિયમ તફાવત ભરાયાની સંબંધિત સત્તામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે.
2. જીડીસીઆર મુજબ જે તે હેતુ/ ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહિં હોય તો તે ઉપયોગ કરી શકાશે નહિં.
3. ખેતી ઝોનમાં જીડીસીઆર મુજબ જેટલુ બાંધકામ મળવાપાત્ર હશે તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે.
4. બિનખેતી પરવાનગી મળ્યા બાદ જો ખાસ મંજૂરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દૂર કરવાપાત્ર થશે.

(૯) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા. ૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

1. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.
2. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.
3. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.
4. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.
5. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.
6. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
7. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
8. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલ્વેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) જો આ જમીન પર કોઇ બેંક/ મંડળીનો બોજો બાકી હોય તો, તે ભરપાઇ કર્યા સિવાય આ મિલકત કોઇપણ પ્રકારે વેચાણ, ભેટ, વસિયત, બાનાખત, ગિરો કરી શકાશે નહિ અને કોઇપણ અન્યને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માલિકી કે કબજો ભોગવટો તબદીલ કરી શકાશે નહિ.

(૧૧) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહિ.

અરજદારે ઉપરોકત શરતોનું પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૪) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આવ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૫) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સૂચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

વધુમાં ઉપર્યુક્ત શરતોને આધીન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.

જિલ્લા કલેકટર * અમદાવાદ *

(કે. કે. નિરાલા)
કલેકટર, અમદાવાદ

આર.પી.એ.ડી.

પ્રતિ,
શૈલેષભાઈ મંગળદાસ પટેલ
૧૧,શાન બંગલોઝ
સરદાર પટેલ રીંગ રોડ પાસે
શીલજ
અમદાવાદ.-380058

નકલ રવાના:-

૧. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ

૨. મામલતદારશ્રી તા. ઘાટલોડીયા જિ. અમદાવાદ (હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ મુજબ કરાવવા સારૂ.)
૩. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ જિ. અમદાવાદ
૪. તલાટીશ્રી ભાડજ તા. ઘાટલોડીયા જિ. અમદાવાદ તરફ.
૫. તલાટી કમ મંત્રીશ્રી, ભાડજ
૬. ઇ ધરા કેન્દ્ર, ઘાટલોડીયા
૭. રેકર્ડ શાખા, કલેકટર કચેરી અમદાવાદ
૮. સીલેકટ ફાઇલ, ચીટનીશ શાખા

* આ હુકમની ઇ-ધરા કેન્દ્ર, ઘાટલોડીયા માં નોંધ નંબર 6754 થી મોજે.- ભાડજ તા.- ઘાટલોડીયા જિ.- અમદાવાદ માં નોંધ થયેલ છે.

નં. એસીબી/ટીએનસી –૪/એન.એ./તત્કાલ/ક–૬૫/એસ.આર.૩૭૩/૨૦૧૭

જિલ્લા કલેકટરની કચેરી,
સુભાષબ્રીજ સર્કલ, આશ્રમ રોડ,
અમદાવાદ. તા.૨૯/૦૧/૨૦૧૮

વંચાણમાં લીધું :–

(૧) અરજદારશ્રી ગીતાબેન સુરેન્દ્રભાઈ પટેલ રહે. ૫, જગનિર્માણ સોસાયટી, નવરંગપુરા, સ્કુલ પાછળ, નારણપુરા, જિ.અમદાવાદ. જ.મ.કાયદાની કલમ–૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવાની નિયત નમુનાની તા.૧૧/૧૨/૨૦૧૭ ની મૂળ અરજી.

(૨) કલેકટરશ્રી, અમદાવાદનો હુકમ નં. એસીબી/ટીએનસી–૪/ભાડજ/પ્રિમિયમ/એસ.આર. ૧૩૧૩/૨૦૧૫ તા.૦૨/૧૧/૨૦૧૭ નો પ્રતિબંધિત સત્તાપ્રકારના નિયંત્રણો દુર કરતો હુકમ.

(૩) અરજદારે તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ તત્કાલ બીનખેતી અંગેનું સોગદનામું તથા બાંહેધરીપત્ર.

(૪) વધારાના ખાસ જમીન સંપાદાન અધિકારીશ્રીનો તા.૨૮/૦૧/૨૦૧૬ નો પત્ર નં.એલ.એક્યુ./એન.એ./અભિપ્રાય/૪૦૦૯/૨૦૧૫ નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૫) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા.૧૨/૦૧/૨૦૧૬ નો પત્ર નં. એલ.એક્યુ./એન.એ/અભિપ્રાય/એસ.આર. ૧૧૫/૨૦૧૬ નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૬) અત્રેની કચેરીના લીગલ શાખાનો તા.૨૮/૧૨/૨૦૧૭ નો શેરા નં. એલબી/અપીલ/ભાડજ–૩૯૩/અ/વ.૨૨૮૬/૨૦૧૭ નો અપીલ/રીવીઝન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૭) જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ ની કલમ–૬૫,૬૬,૬૭ થી મળેલ અધિકારો તથા નિયમોના નિયમ–૧૦૦/૧૦૧ મુજબ.

(૮) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૦૮ તથા તા. ૦૮/૦૪/૧૧.

(૯) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. : બખપ/૧૦૨૦૦૧૩/૭૧/ક, તા.૧૧/૦૩/૧૩.

જિલ્લા કલેકટર અમદાવાદ

અરજદારશ્રી ગીતાબેન સુરેન્દ્રભાઈ પટેલ તેઓના ખાતાની મોજે. ભાડજ તા. ઘાટલોડીયા, જિ.અમદાવાદના સ.નં.૩૯૩/અ, ટી.પી. ૩૦૧, એફ.પી.૬૯ પૈકી નું ક્ષે.૧૮૨૧ ચો.મી. જમીનની [illegible]પર્પઝના હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માટે જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. અરજી સાથે નિયત નમુનાનું તત્કાલ એન.એ.સોગદનામું તથા જે બાંધકામ કરવા માંગે છે તેના સુચિત પ્લાનની નકલ વિગેરે રજુ કરેલ છે.

આમુખ (૨) ના તા.૦૨/૧૧/૨૦૧૭ ના હુકમથી પ્રતિબંધિત સત્તાપ્રકારના નિયંત્રણોમાંથી બિનખેતી રહેણાંકના હેતુ માટે પ્રિમિયમ વસુલવા હુકમ કરેલ છે.

આમુખ–(૩) થી અરજદારે તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ તત્કાલ બીનખેતી અંગેનું સોગદનામું તથા બાંહેધરીપત્ર રજુ કરેલ છે. આમુખ–(૪) અને (૫) થી સંપાદન અધિકારીશ્રીઓએ આ જમીનની બીનખેતીની

પરવાનગી આપવા અંગે સદર જમીન હાલમાં સંપાદન અંગેની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી કે સંપાદન હેઠળ નથી તેમ જણાવેલ છે. આમુખ–(૬) થી અત્રેની લીગલ શાખામાં આ જમીન બાબતે હાલમાં કોઈ અપીલ / રીવીઝન અરજી પેન્ડીગ નથી તેમ જણાવેલ છે.

ઉક્ત વિગતોએ અરજદારશ્રીની માંગણી મુજબ એપેન્ડીક્ષ–એ ની જમીન બીનખેતીની પરવાનગી આપવા હરકત સરખું ન હોવાનું જણાયેલ છે. જેથી આ જમીનના રૂપાંતર કર, વિશેષધારો તથા અન્ય વેરાની થતી રકમ, સરકારશ્રીમાં જમા કરાવવા અત્રેથી અરજદારશ્રીને જણાવતાં તેઓશ્રીએ આ રકમ ભારતીય સ્ટેટ બેંક, ભદ્ર શાખા, અમદાવાદ ખાતે બીનખેતી ધારાની રકમ ગામે તલાટીશ્રી પાસે જમા કરાવી પહોંચો રજુ કરેલ છે જેની વિગત એપેન્ડીક્ષ–બીમાં જણાવેલ છે.

એપેન્ડીક્ષ–એ (જમીનની વિગત)

મોજે.ભાડજ	તા. ઘાટલોડીયા	**ઠરાવેલ વિશેષ ધારો Rs. 1093/-**
સર્વે નં.૩૯૩/અ	ક્ષે.૧૮૨૧ ચો.મી	
ટી.પી. ૩૦૧	એફ.પી.૬૯ પૈકી	
સ. પ્લોટ નં. –		બીનખેતી હેતુ :–
		મલ્ટીપર્પઝ :– ૧૮૨૧ ચો.મી.

એપેન્ડીક્ષ–બી (વસુલ આવેલ કરવેરાની વિગત)

(૧) રૂપાંતર કરની રકમ	: Rs. 72840/-	ચલન નંબર :– 12	તા.૧૮/૦૧/૨૦૧૮
(૨) વિશેષ ધારો	: Rs. 1093/-	પહોંચ નંબર :– 42	તા.૧૯/૦૧/૨૦૧૮
(૩) લોકલ ફંડ	: Rs. 511/-	પહોંચ નંબર :– 42	તા.૧૯/૦૧/૨૦૧૮
(૪) શિક્ષણ ઉપકર	: Rs. 274/-	પહોંચ નંબર :– 55	તા.૧૯/૦૧/૨૦૧૮

એપેન્ડીક્ષ–એ માં જણાવ્યા મુજબ રૂપાંતર કર તથા અન્ય વેરાઓની રકમ કબજેદાર એપેન્ડીક્ષ–બી માં જણાવેલ વિગતે જમા કરાવી, અત્રે ચલન, પહોંચો રજુ કરેલ છે. જેથી કબજેદારની માંગણી મુજબની હકીકત, સદર જમીન અંગે અરજદારની બીનખેતીના હેતુ માટે ઉપયોગ કરવા એપેન્ડીક્ષ–(એ) માં દર્શાવેલ તેઓની માલિકીની જમીન આમુખ–(૮) અને (૯) માં જણાવેલ મુંબઈ જમીન મહેસુલ સંહિતા અને મહેસુલ નિયમોની જોગવાઈઓ / ઠરાવોને આધિન રહીને નીચેની વધારાની શરતોને આધિન બીનખેતી પરવાનગી આપવા હુકમ કરવામાં આવે છે.

શરતો :–

(૧) અરજદારે પ્રતિ વર્ષ ખેતી વિશેષનો ધારો (બીનખેતી દર) **મલ્ટીપર્પઝના હેતુ માટે ચો.મી.ના ૦.૬૦ પૈસા પ્રમાણે રૂા.૧૦૯૩/–** નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ શેષ ભરવો પડશે જે અંગેનો દર વખતો–વખત ફેરફારને પાત્ર રહેશે.

(૨) અરજદારે બીનખેતીના પ્લોટની માપણી પોતાના ખર્ચે માસ–ત્રણ માં કરાવવી પડશે. માપણી થયેથી આ એન.એ. પ્લોટનું ક્ષેત્રફળ ફેરફારને પાત્ર રહેશે અને ત્યારબાદ સનદ આપવાની રહેશે તથા ડી.આઈ.એલ.આર.શ્રી એ માપણી મુજબ રેકર્ડ દુરસ્તીની નોંધ કરી સક્ષમ અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

(૩) બાંધકામ શરૂ કરતાં પહેલાં અમદાવાદ મ્યુનિ.કોર્પો. / ઔડા / સબંધિત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી પાસેથી બાંધકામ અંગેના વિગતવાર પ્લાન મંજુર કરાવી બાંધકામની રજાચિઠ્ઠી મેળવવાની રહેશે. અને તે પ્રમાણે બાંધકામ કર્યા પછી થયેલ બાંધકામ અંગે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન / ઔડા/ સબંધિત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી પાસેથી " બિલ્ડીગ વપરાશ પ્રમાણપત્ર" મેળવ્યા પછી જ ઉપયોગ કરી શકાશે.

(૪) આ બીનખેતી હુકમથી આ જમીનમાં એફ.એસ.આઈ. અંગેની કોઈ પરવાનગી આપવામાં આવતી નથી. એફ.એસ.આઈ. અંગે અરજદારે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન /ઔડા/ સબંધિત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી ખાતેથી જરૂરી પરવાનગી મેળવવાની રહેશે.

(૫) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજુર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીગ નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૬) બાંધકામ બિલ્ડીગ રેગ્યુલેશન અને રીબન ડેવલપમેન્ટ રૂલ્સથી ઠરાવેલ ધોરણોને પાત્ર રહી કરવાનું રહેશે. આ જમીનની બાજુમાં જો કોઈ રોડ–રસ્તો થતો હશે તો જે તે રસ્તાના પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યેથી બાંધકામ વચ્ચે નિયમોનુસાર અંતર જાળવવાનું રહેશે. અન્યથા અરજદારની જવાબદારી થશે. આ જમીનની બાજુમાં પસાર થતાં ટી.પી. / ડી.પી.રોડથી નિયત અંતર છોડીને બાંધકામ કરવાનું રહેશે.

(૭) આ જમીનનો ઉપયોગ પરવાનગી આપેલ બીનખેતીના હેતુના કામે જ કરવાનો રહેશે. અન્ય ઉપયોગ કરી શકાશે નહી.

(૮) અરજદારે હુકમની તારીખથી છ માસમાં બાંધકામ શરૂ કરી ત્રણ વર્ષમાં સંપૂર્ણ બાંધકામ પૂરું કરવું પડશે. આ અંગે અરજદારે ખેતી સિવાયનો ઉપયોગ શરૂ કર્યેથી એક માસમાં કલેકટરશ્રી તથા મામલતદારશ્રીને તલાટી મારફત લેખિત ખબર આપવી તથા બાંધકામ પૂર્ણ થયે માસ એકમાં કલેકટરશ્રીને જાણ કરવાની રહેશે.

(૯) બીનખેતી માટે પરવાનગી આપેલ જમીનમાં કલેટકરશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય પરવાનગી આપેલ હેતુ સિવાયનું તથા મંજુર કરેલ બાંધકામ વિસ્તાર સિવાયની જમીન ઉપર કોઈપણ બાંધકામ કરવાનું રહેશે નહી. પ્લાન મંજુર કરાવી તેમાં દર્શાવેલ બાંધકામ વિસ્તાર સિવાયની માર્જીન, કોમન પ્લોટ, પાર્કિંગ, રસ્તાની જગ્યા આકાશ તરફ ખુલ્લી રાખવાની રહેશે અને તેમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરવાનું રહેશે નહી.

(૧૦) આ જમીનમાંથી પસાર થતી ૬૬ કે.વી. તથા ૧૧ કે.વી. વીજલાઈનથી બાંધકામનું સમક્ષિતિજ અંતર ઓછામાં ઓછું અનુક્રમે ૯ મીટર તથા ૩ મીટર જાળવવાનું રહેશે.

(૧૧) આ જમીનમાંથી ઉપરથી પસાર થતી વીજલાઈનની નીચે કોઈપણ પ્રકારનું બાંધકામ જેમ કે દુકાન, કોટ કે બાઉન્ડ્રી કરી શકાશે નહી. તેમજ એન્ટેનાનો કેબલ કે ટીવીનો વાયર (કેબલ) પસાર કરી શકાશે નહી.

(૧૨) આ જમીનમાંથી પસાર થતી વીજલાઈનના સમારકામ માટે વિદ્યુત કંપનીના અધિકૃત મણસો, વાહનો કોઈપણ સમયે પસાર થઈ શકશે. અને તેમ કરતાં ભવિષ્યમાં પણ કોઈ રોકટોક કરવામાં આવશે નહી.

(૧૩) સવાલવાળી જમીનમાંથી ઈલેકટ્રીક લાઈન કે ટેલિફોન લાઈન પસાર થતી હશે તો, આવી લાઈન કે તેના થાંભલા ભવિષ્યમાં નાંખવાના થશે તો તે અંગે કોઈ વળતર મેળવવા હક્ક દાવો થઈ શકશે નહી.

(૧૪) આ જમીનમાંથી ઉપરથી પસાર થતી વીજલાઈનથી બાંધકામ નિયમ મુજબનું, પરંતુ અંતર રાખીને કરેલ હોય તો આ બાંધકામ તોડવાનો પાત્ર ગણાશે અને તોડી નાખવાનું રહેશે.

(૧૫) બાંધકામમાં ઝડપી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થો વાપરી શકાશે નહી.

(૧૬) આ જમીનમાં આવવા–જવાના રસ્તા અંગે કે વરસાદના પાણીનો નિકાલ બાબતે જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેના નિકાલની વ્યવસ્થા કરવાની જવાબદારી અરજદાર–ખાતેદારની રહેશે.ચોમાસાનું પાણી ભરાઈ ન રહે તેવું પુરાણ કરી રોડ લેવલ કરતાં પ્લીથ ઉચી લેવાની રહેશે.

(૧૭) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન એટલે કે સંચય માટે દર મકાન / બહુમાળી એકના દરે આ જમીનમાં પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચુક કરવાની રહેશે. તથા વરસાદી પા નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૮) પ્લોટમાં બાંધકામ સિવાયનો ખુલ્લો ભાગ આકાશ તરફ ખુલ્લો રાખવાનો રહેશે. આ જમીનની નજીકમાં પસાર થતા રોડ / રસ્તા અંગે, રસ્તાની બાજુએ કંપાઉન્ડ વોલની ઉંચાઈ ૧.૦૫ મી. વધારે કરી શકાશે નહી.

(૧૯) મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દષ્ટ્રિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૨૦) આ જમીનમાં કે નજીકમાં આવેલ કોઈ જમીનમાં ઓ.એન.જી.સી.ના તેલકુવા તેમજ તેલ / ગેસ પાઈપલાઈન આવેલ હોવાના કિસ્સામાં તેવા કુવા / પાઈપલાઈનની નિયમોનુસાર જાળવવાપાત્ર અંતર છોડીને બાંધકામ કરવાનું રહેશે.

(૨૧) નર્મદા કેનાલ / અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૨) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૩) આ પરવાનગી સ્થાનિક સત્તા મંડળ દ્વારા મંજુર કરવામાં આવતાં નકશા તેમજ વિકાસ પરવાનગીની શરતોના અમલીકરણને આધિન રહેશે. વધુમાં વિકાસ પરવાનગી અન્વયે કરવામાં આવતો વિકાસ અને તેનો વપરાશ વિકાસ યોજનાના નિયંત્રણ / વિનીમયો તેમજ ઔડા / મ્યુનિ.કોર્પોરેશન / સબંધિત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી અને રાજય સરકાર દ્વારા આપવામાં આવતાં વખતો વખતના આદેશ / નિર્દેશનોને આધિન રહેશે. જમીનના માલિક / કબજેદારોએ પરવાનગી હેઠળની જમીનનો વિકાસ સંબંધિત સત્તા મંડળની વિકાસ પરવાનગીને આધિન રહીને જ કરવાનો રહેશે.

(૨૪) આ પરવાનગીથી ગણોત ધારા, શીલીગ ધારા, શહેરી જમીન ટોચ મર્યાદા ધારા તેમજ અન્ય કાયદાઓની જોગવાઈઓને બાધ રહેશે નહી. એટલે કે અન્ય કાયદા નિયમોની જોગવાઈઓ અન્વયે જો કોઈ કાર્યવાહી કરવાની થતી હશે તો તે અંગે નિયમોનુસારની કાર્યવાહી કરી શકાશે.

(૨૫) ઔદ્યોગિક હેતુ માટે મંજુરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજુરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૬) ફલોર મીલ, સિનેમા / ટુરીગ સિનેમા / થિયેટર માટે બીનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૭) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાખવા માટે બીનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૮) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૨૯) સવાલવળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૩૦) બીનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કિ.મી. ના ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું ના વાંધા પ્રમાણપત્ર સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૩૧) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૩૨) અરજદારે / જ્યાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન / જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૩) અરજદારે / જ્યાં જરૂરી હોય ત્યાં વન્યજીવન સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે અભ્યારણ અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૪) આ હુકમમાં અગર સનદમાં કોઈ કારકુની અથવા ગણતરીની ભુલ હશે તો તેમા સુધારો થઈ શકશે.

(૩૫) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઈ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની કોઈપણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે તથા જમીન મહેસુલ કાયદા-૬૫ ના ભંગ બદલ કાયદાની જોગવાઈ હેઠળ પગલાં લેવાને પાત્ર રહેશે. અને તત્કાલિન અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદાની જોગવાઈઓના બાધ વિના ઈન્ડીયન પીનલ કોડ હેઠળ કબ્જેદારો ફોજદારી ગુન્હા માટે શિક્ષાત્મક પગલાં લેવાને પાત્ર બનશે. તથા જમીન મહેસુલ કાયદાની કલમ-૬૬ તથા નિયમોના નિયમ-૧૦૦ અનુસાર યોગ્ય તે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરાવવા સહિતના એક કે વધુ પગલાં લેવામાં આવશે.

(૩૬) જો.ટી.પી. ફાઈનલ થઈ કોઈ કપાત કરવાની થશે તો તેને આધિન પ્લાન મંજુર કરનાર અધિકારીશ્રીએ મંજુરી આપવાની રહેશે.

રવાના કરવા માટે પ્રમાણિત

નાયબ કલેક્ટર
જમીન સુધારા અને અપીલ
અમદાવાદ

જિલ્લા કલેક્ટર અમદાવાદ

સહી/-
(અવંતિકા સિંઘ)
જિલ્લા કલેક્ટર અમદાવાદ

પ્રતિ,
શ્રી ગીતાબેન સુરેન્દ્રભાઈ પટેલ
રહે. ૫, જગનિર્માણ સોસાયટી, નવરંગપુરા, સ્કુલ પાછળ,
નારણપુરા, જિ.અમદાવાદ.

નકલ રવાના :-

(૧) મામલતદારશ્રી ઘાટલોડીયા તરફ.
૨/- આગળની જરૂરી કાર્યવાહી તથા સનદ ભરાવવા અંગે ઘટતી કાર્યવાહી હાથ ધરવા સારું.
(૨) તલાટીશ્રી ભાડજ તરફ આગળની કાર્યવાહી તથા ગા.ન.નં.૨માં જરૂરી નોંધ કરવા સારું.
(૩) ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટરશ્રી, લેન્ડ રેકર્ડઝ, મોજણી ભવન, ભીમજીપુરા, નવા વાડજ, અમદાવાદ તરફ સારું.
(૪) મ્યુનિ. કમિશ્નરશ્રી (એસ્ટેટ) દાણાપીઠ, અમદાવાદ / મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ઔડા, ઉસ્માનપુરા અમદાવાદ/ પ્રવર નગર નિયોજક, સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર તરફ જાણ સારું.
(૫) નાયબ કલેક્ટરશ્રી, બીનખેતી શાખા, કલેક્ટર કચેરી, અમદાવાદ તરફ જાણ સારું.
(૬) સિલેક્ટ ફાઈલે.
(૭) ઈ-ધરા કેન્દ્ર તરફ.
(૮) FMPS ટેબલે (EWMS NO.215803)

ગામ નમુનો નંબર ૭

બ્લોક/સરવે નંબર : ૩૯૩/અ

સત્તા પ્રકાર : જુની શરત (જુ.શ)

ખેતરનું નામ :

અન્ય વિગતો : ટી.પી.૩૦૧, એફ.પી. ૬૯ પૈકી ની ૧૮૨૧ ચો.મી. જમીન બીનખેતી મલ્ટીપર્પઝ ના હેતુ માટે

મોજે : ભાડજ

તાલુકો : ઘાટલોડીયા

જીલ્લો : અમદાવાદ

લાયક જમીન	ક્ષેત્રફળ હે. આરે. ચોમી.	ખાતા નંબર/ક્ષેત્રફળ/આકાર હે. આરે. ચોમી.	નોંધ નંબરો અને કબ્જેદારો ના નામ
જરાયત	૦-૩૬-૪૨		૧૮૧૯,૨૭૩૬,૨૭૩૭,૨૭૪૧,૩૨૧૩,૩૨૬૦,૫૧૯૧,૫૬૫૦, ૫૭૦૨,૬૧૦૩,૬૧૩૪,૬૯૧૫,
-------------------	-----------		
કુલ ક્ષેત્રફળ	૦-૩૬-૪૨	---------------------------------	
આકાર રૂ.	૧૦૯૩.૦૦	૮૫૧ | ૦-૩૬-૪૨ | ૧૦૯૩.૦૦	ન્યુ હોરીઝન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી(૬૯૧૫)
જુડી તથા વિશેષધારો રૂ	૦.૦૦		ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની કુલ જમીન પૈકી દક્ષિણ દિશા તરફની ૧૮૨૧ ચો.મી.(૬૯૧૫)
પાણીભાગ રૂ.	૦.૦૦		મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન(૬૯૧૫)

ગણોતિયાની વિગતો	બીજા હકો અને બોજાની વિગતો
	૨૫૦૪,૨૬૦૦,૨૬૮૮,૨૭૭૬,૩૧૬૦,૩૩૮૬,૪૦૪૦,૫૧૯૧, ૫૨૪૪, --- માત્ર બીનખેતી ના હેતુમાટે પ્રીમીયમને પાત્ર<0> ધી ભાડજ ગ્રુપ સેવા સહકારી મંડળી લીના તારણમાં<0> ટી.પી.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ પૈકી ૧૮૨૧ ચો.મી.રહેણાંક હેતુમાટે જુનીશરત<૬૧૦૩> ટી.પી.૩૦૧, એફ.પી. ૬૯ પૈકી ની ૧૮૨૧ ચો.મી. જમીન બીનખેતી મલ્ટીપર્પઝ ના હેતુ માટે<૬૧૩૪>

#-નામંજુર &-તકરારી *-રદ

06/01/2021 01:17 am ની સ્થિતિએ

વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ. પ્રીંટ તા. 17/03/2021 13:44:58

સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : મામલતદાર કચેરી ઘાટલોડીયા

ગામ નમુનો નંબર ૭

બ્લોક/સરવે નંબર : ૩૯૩/બ

સત્તા પ્રકાર : બીન ખેતી

ખેતરનું નામ :

અન્ય વિગતો : ૧૮૨૧ ચો.મી. જમીન બીનખેતીના હેતુ માટે જુની શરત, ટી.પી.નં.૩૦૧, ફા.પ્લોટ નં.૬૯ ની ૩૬૪૨ ચો.મી. પૈકી ૧૮૨૧ ચો.મી. જમીન (બહુહેતુક ઉપયોગ) માટે બીનખેતી

પાનું : 1

મોજે : ભાડજ

તાલુકો : ઘાટલોડીયા

જીલ્લો : અમદાવાદ

લાયક જમીન	ક્ષેત્રફળ હે. આરે. ચોમી.	ખાતા નંબર/ક્ષેત્રફળ/આકાર હે. આરે. ચોમી.	નોંધ નંબરો અને કબ્જેદારો ના નામ
જરાયત	૦-૩૬-૪૨		૧૮૧૯,૨૭૩૬,૨૭૩૭,૨૭૪૧,૩૨૧૩,૩૨૬૦,૫૧૯૧,૫૬૫૦, ૫૬૯૬,૬૩૭૮,૬૩૭૯,૬૫૨૧,૬૬૯૩,૬૭૫૪,૬૮૯૭,
------------------	-----------	------------------------------	
કુલ ક્ષેત્રફળ	૦-૩૬-૪૨	૧૧૧૮ | ૦-૩૬-૪૨ | ૧૭૨	ન્યુ હોરીઝન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી(૬૮૯૭) ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની કુલ જમીન પૈકી ઉત્તર દિશા(૬૮૯૭) તરફની ૧૮૨૧ ચો.મી. મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન(૬૮૯૭)
આકાર રૂ.	૧૦૯૩.૦૦		
જુડી તથા વિશેષધારો રૂ	૦.૦૦		
પાણીભાગ રૂ.	૦.૦૦		

ગણોતિયાની વિગતો	બીજા હકો અને બોજાની વિગતો
	૨૫૦૪,૨૬૦૦,૨૬૮૮,૨૭૭૬,૩૧૬૦,૩૩૮૬,૪૦૪૦,૫૧૯૧, ૫૨૪૪,૫૭૮૪,૬૨૪૭, -- ૧૮૨૧ ચો.મી. જમીન બીનખેતીનાં હેતુ માટે જુની શરત<૬૬૯૩> ટી.પી.નં.૩૦૧, ફા.પ્લોટ નં.૬૯ ની ૩૬૪૨ ચો.મી. પૈકી ૧૮૨૧ ચો.મી. જમીન (બહુહેતુક ઉપયોગ) માટે બીનખેતી<૬૭૫૪>

-નામંજુર & -તકરારી * -રદ

05/01/2021 01:15 am ની સ્થિતિએ

વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. ૬/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ. પ્રીંટ તા. 17/03/2021 13:45:01
સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : મામલતદાર કચેરી ઘાટલોડીયા

ગામ નમૂનો નંબર ૧૨

બ્લોક/સરવે નંબર : ૩૯૩/અ
કુલ ક્ષેત્રફળ (હે. આરે. ચોમી.) : ૦-૩૬-૪૨

મોજે : ભાડજ
તાલુકો : ઘાટલોડીયા
જીલ્લો : અમદાવાદ

હાલના ખાતેદારોના નામ (ખાતા નંબર) :

ન્યુ હોરીઝન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી (૮૫૧)

ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની કુલ જમીન પૈકી દક્ષિણ દિશા તરફની ૧૮૨૧ ચો.મી. (૮૫૧)

મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન (૮૫૧)

પાકની વિગતો :

વર્ષ	મોસમ	પાકનું નામ	પાકનો વિસ્તાર હે. આરે. ચોમી.	સિંચાઇનો સ્રોત અને સિંચાઇનું સાધન	વૃક્ષો પોતાના અને સરકારી	શેરો
૨૦૧૮-૨૦૧૯	---	---	માહિતી નથી.	---	---	
૨૦૧૯-૨૦૨૦	---	---	માહિતી નથી.	---	---	
૨૦૨૦-૨૦૨૧	---	---	માહિતી નથી.	---	---	

વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ. પ્રીંટ તા. 17/03/2021 13:45:11
સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : મામલતદાર કચેરી ઘાટલોડીયા

ગામ નમુનો નંબર ૧૨

બ્લોક સરવે નંબર : ૩૯૩/બ
કુલ ક્ષેત્રફળ (હે. આરે ચોમી.) : ૦-૩૬-૪૨

મોજે : ભાડજ
તાલુકો : ઘાટલોડીયા
જીલ્લો : અમદાવાદ

હાલના ખાતેદારોના નામ (ખાતા નંબર) :
ન્યુ હેરીઝન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી (૧૧૧૯)
ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની કુલ જમીન પૈકી ઉત્તર દિશા (૧૧૧૯)
તરફની ૧૮૨૧ ચોમી. મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન (૧૧૧૯)

પાકની વિગતો :

વર્ષ	મોસમ	પાકનું નામ	પાકનો વિસ્તાર હે. આરે ચોમી.	સિંચાઇનો સ્રોત અને સિંચાઇનું સાધન	વૃક્ષો પોતાના અને સરકારી	શેરો
૨૦૧૮-૨૦૧૯	---	---	માહિતી નથી.	---	---	
૨૦૧૯-૨૦૨૦	---	---	માહિતી નથી.	---	---	
૨૦૨૦-૨૦૨૧	---	---	માહિતી નથી.	---	---	

ગામ નમૂનો નંબર ૮-અ (જમીનની ખાતાવહી)

ગામ/મોજે: ભાડજ
ખાતા નંબર: ૮૫૧
કબ્જેદારોનાં નામ:

જીલ્લો: અમદાવાદ
તાલુકો: ઘાટલોડીયા

ન્યુ હોરીઝન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી<૬૯૧૫>

ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની કુલ જમીન પૈકી દક્ષિણ દિશા તરફની ૧૮૨૧ ચો.મી.<૬૯૧૫>

મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન<૬૯૧૫>

નમુના ૬નો નોંધ નંબર	બ્લોક/સર્વે નંબર તથા હિસ્સો	ક્ષેત્રફળ હે. આરે. ચોમી.	આકાર જુડી બી. ખે. વિ	લોકલ સેસ	શિક્ષણ ઉપ-કર	અન્ય કર	અન્ય વિગત
૬૧૩૪	૩૯૩/ અ	૦-૩૬-૪૨	૧૦૯૩.00				બીન ખેતી
કુલ:	૧	૦-૩૬-૪૨	૧,૦૯૩.00				

ગામ નમૂનો નંબર ૮-અ (જમીનની ખાતાવહી)

ગામ/મોજે: ભાડજ
ખાતા નંબર: ૧૧૧૮
કબ્જેદારોનાં નામ:

પાનું :

જીલ્લો: અમદાવાદ
તાલુકો: ઘાટલોડીયા

ન્યુ હોરીઝન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી<૬૮૯૭>

ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની કુલ જમીન પૈકી ઉત્તર દિશા<૬૮૯૭>

તરફની ૪૨૧ ચો.મી. મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન<૬૮૯૭>

નમુના ૬નો નોંધ નંબર	બ્લોક/સર્વે નંબર તથા હિસ્સો	ક્ષેત્રફળ હે. આરે. ચોમી.	આકાર જુડી બી. ખે. વિ	લોકલ સેસ	શિક્ષણ ઉપ-કર	અન્ય કર	અન્ય વિગત
૬૫૨૧	૩૯૩/બ	૦-૩૬-૪૨	૧૭૨				બીન ખેતી
કુલ:	૧	૦-૩૬-૪૨	૧૭૨				

05/01/2021 01:15 am ની સ્થિતિએ

વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ. પ્રીંટ તા. 17/03/2021 13:45:06

સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : મામલતદાર કચેરી ઘાટલોડીયા

ગામ નમુનો નંબર ૬ - હક પત્રક

જીલ્લો: અમદાવાદ

તાલુકો: ઘાટલોડીયા

મોજે: ભાડજ

નોંધ નં : તારીખ : ફેરફાર નો પ્રકાર:	નોંધની વિગત	ફેરફારને સંબંધિત સરવે/બ્લોક નંબર અને પેટા હિસ્સો તથા તેનો ખાતા નંબર	અગાઉની નામંજુર નોંધનો ક્રમાંક/તારીખ	તપાસણી કરનાર અધિકારી નો શેરો અને સહી/તારીખ તથા નામ/ હોદ્દો
૬૮૯૭ 27/ 10/ 2020 વેચાણ	વેચાણ વેચાણ આપનાર :- શૈલેષભાઇ મંગળદાસ પટેલ વેચાણ લેનાર :- ન્યુ હોરીઝન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી મોજે.ભાડજ તા.ઘાટલોડીયાના સર્વે નં.૩૯૭ બ ની ૩૬૪૨ ચો.મી. જમીન (જે અગાઉના સર્વે/ બ્લોક નં.૩૯૩ ની ૭૨૮૪ ચો.મી. જમીન પૈકી ૧/ ૨ ભાગની જમીન) ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની કુલ જમીન પૈકી ઉત્તર દિશા તરફની ૧૮૨૧ ચો.મી. (ફા.પ્લોટ નં.૬૯ ની કુલ ૩૬૪૨ ચો.મી. જમીન પૈકી ઉત્તર દિશા તરફની ૧/ ૨ ભાગની) મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન જેનો રજી.દસ્તાવેજ નં.૧૨૧૮૨ તા.૨૧/ ૧૦/ ૨૦૨૦ થી રૂા. ૧,૯૫,૦૦,૦૦૦/ - પુરામાં વેચાણ થતાં અરજદારની અરજી તથા રજી.દસ્તાવેજની પ્રમાણિત નકલ તથા ઇન્ડેક્ષની અસલ નકલ આધારે વેચાણની નોંધ કરી.	૩૯૭ બ(૧૧૧૮)		પ્રમાણિત ૧૩૫ ડી.ની નોટીસ રજી.એ.ડી.થી મોકલેલ છે. તા.૧૫/ ૧૫/ ૨૦૨૦ બીનખેતી વેચાણ છે. ઇન્ડેક્ષ તથા વેચાણ રજી.દસ્તાવેજની પ્રમાણિત નકલ કામના કાગળો આધારે ----પ્રમાણિત---- સહી. એમ.એમ.પરમાર સ.ઓ. સોલા તા. ૦૪/ ૦૫/ ૨૦૨૧

05/01/2021 01:15 am ની સ્થિતિએ
વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. 5/- (રૂપીયા પાંચ પુરા) મળેલ છે, આભાર સહ. પ્રીંટ તા. 17/03/2021 13:45:37
સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય નકલ આપનાર કચેરી : મામલતદાર કચેરી ઘાટલોડીયા

ગામ નમુનો નંબર ૬ - હક પત્રક

જીલ્લો: અમદાવાદ

તાલુકો: ઘાટલોડીયા

મોજે: ભાડજ

નોંધ નં : તારીખ : ફેરફાર નો પ્રકાર:	નોંધની વિગત	ફેરફારને સંબંધિત સરવે/બ્લોક નંબર અને પેટા હિસ્સો તથા તેનો ખાતા નંબર	અગાઉની નામંજુર નોંધનો ક્રમાંક/તારીખ	તપાસણી કરનાર અધિકારી નો શેરો . અને સહી/તારીખ તથા નામ/ હોદ્દો
૬૯૧૫ 18/ 1V 2020 વેચાણ	વેચાણ વેચાણ આપનાર :- ગીતાબેન સુરેન્દ્રભાઇ પટેલ વેચાણ લેનાર :- ન્યુ હીરોઝન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી મોજે.ભાડજ તા.ઘાટલોડીયાના બ્લોક/ સર્વે નં.૩૯૭ અ ની ૩૬૪૨ ચો.મી. જમીન (જે અગાઉના સર્વે/ બ્લોક નં.૩૯૩ ની ૭૨૮૪ ચો.મી. જમીન પૈકી ૧/ ૨ ભાગની જમીન) ટી.પી.નં.૩૦૧ ફા.પ્લોટ નં.૬૯ ની કુલ જમીન પૈકી દક્ષીણ દિશા તરફની ૧૮૨૧ ચો.મી. (ફા.પ્લોટ નં.૬૯ ની કુલ ૩૬૪૨ ચો.મી.જમીન પૈકી દક્ષિણ દિશા તરફની ૧/ ૨ ભાગની) મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન જેનો રજી.દસ્તાવેજ નં. ૧૩૨૨૦ તા.૧૧ ૧૧ ૨૦૨૦ થી રૂા. ૧,૩૫,૦૦,૦૦૦/ - પૂરામાં વેચાણ થતાં રજૂ થયેલ અરજદારની અરજી.રજી.દસ્તાવેજની પ્રમાણિત નકલ તથા અસલ ઇન્ડેક્ષ આધારે વેચાણની નોંધ કરી.	૩૯૭ અ(૮૫૧)		પ્રમાણિત ૧૩૫-ડી ની નોટીસ રજી.એ.ડી.થી મોકલેલ છે. તા.૨૯/ ૧૧ ૨૦૨૦ કોલમ નં.૨ વે-લેનાર ન્યુ હીરોઝન ને બદલે ન્યુ હોરીઝન વાંચવુ તેમજ સમજવુ. બીનખેતી વેચાણ છે. અરજી, ઇન્ડેક્ષ તથા રજી.વેચાણ દસ્તાવેજની પ્રમાણિત નકલ કામના કાગળો આધારે ---પ્રમાણિત--- સહી. એમ.એમ.પરમાર સ.ઓ. સોલા તા.૫/ ૧/ ૨૧